ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**અશોકભાઈ છનીયારા**
આર્કીટેક્ચર
કારોબારી સભ્ય, ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૪૨૬૦૧૪૨૭૮



**મૈત્રી બી પરમાર**
ફોન : ૨૩૨૪૦૮૪૪

# પાટનગરમાં સૌ પ્રથમવાર રાજયકક્ષાની રોમાંચક ફુટબોલ ટુર્નામેન્ટ

## આંતરરાષ્ટ્રીય નિયમોનુસાર રમાનાર ૧૫ મેચોમાં રાજયની ૧૬ ખ્યાતનામ ટીમો અને ચુનંદા ખેલાડીઓ ભાગ લેશે

ગાંધીનગર, તા.૧૦

પાટનગરના રમતજગતના ઈતિહાસમાં સૌ પ્રથમવાર આગામી મે મહિનાના બીજા સપ્તાહમાં રાજયકક્ષાની ડે નાઈટ ફુટબોલ ટુર્નામેન્ટ યોજાનાર છે. ગુજરાત સ્ટેટ ફુટબોલ એસોશીએશન દ્વારા એફિલીશન પ્રાપ્ત કરનાર આ ટુર્નામેન્ટની તમામ ૧૫ મેચો નોકઆઉટ ગેમ્સ હશે અને દરેક મેચ આંતરરાષ્ટ્રીય નિયમોનુસાર રમાશે. ફીફાના રેફરી સહિત રાજયના ખ્યાતનામ ફુટબોલર તેમજ ઈન્ટરનેશનલ કવોલીફાઈ કોચ આ યુર્નામેન્ટમાં સેવાઓ આપશે.

ગાંધીનગરના રાષ્ટ્રીય કક્ષાના યુવા ફુટબોલર સ્વ. વોસ્ટન ક્રિશ્ચિયનની સ્મુતિમાં કાયઝન ટ્રસ્ટ દ્વારા આયોજીત આ યુર્નામેન્ટનો પ્રારંભ ૧૧મી મે ૨૦૧૬ના રોજ મહાનુભાવોની ઉપસ્થિતિમાં થશે ચ-૩ લાયન્સ ગરબા ગ્રાઉનડ ખાતે આ ટુર્નામેન્ટ ૧૫મી મે સુધી ચાલશે. જેમાં ગુજરાત સ્ટેટ ફુટબોલ એસોશીએશન સંલગ્ન તમામ ૧૬ ટીમો ભાગ લેશે. આ ટીમોમાં ગાંધીનગર ઉપરાંત અમદાવાદ, વડોદરા, મહેસાણા, ભાવનગર, જામનગર, રાજકોટની ટીમો, ઈન્કમટેક્ષ વિભાગ, રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા, શાર્પ શુટર્સ, પોલીસ, ચેમ્પીયન્સ ૧૧, સેન્ટ જોસેફ, વાય.સી.સી. રાજકોટ, એન.બી.એફ.સી., ગોધરા એફસી, આઈ.આર.એફ.સી., કહાની, રાઈઝીંગ સન, ભાવસિંહજી એફ.સી., અને કલેરીશ એફ.સી., જેવી ટીમોનો સમાવેશ થાય છે. ક્રિકેટની રણજી ટ્રોફીની જેમ ગણાતી ફુટબોલની સંતોષ ટ્રોફીના, આઈ.એસ.એલ.ના ચુનંદા ખેલાડીઓ પણ આ યુર્નામેન્ટમાં ભાગ લેનાર હોઈ સમગ્ર યુર્નામેન્ટ ખુબ જ રોમાંચક બની રહેશે. આ યુર્નામેન્ટમાં આંતરરાષ્ટ્રીય ફુટબોલ સંસ્થા 'ફીફા'ના રેફરી ગુલાબસિંહ ચૌહાણ રેફરી તરીકે તથા અમદાવાદ સીટી પોલીસ ટીમના રાજયના પ્રખ્યાન ફુટબોલર અને ઈન્ડીયન સુપરલીગના રેફરી વિષ્ણુ ચૌહાણ ટુર્નામેન્ટની ટેકનીકલ ટીમના સભ્ય તરીકે સેવા આપશે. નિવૃત્ત એસ.એ.જી. સિનિયર કોચ ચંદ્રશેખર સોલંકી, અર્પિત ક્રિશ્ચિયન, જતીન ભાવસાર, ટેકનીકલ ટીમમાં રહેશે. ટુર્નામેન્ટમાં વિજેતા ટીમને રૂ.૨૧ હજાર અને ટ્રોફી રનર્સ અપને રૂ.૧૧ હજાર ટ્રોફીના પુરસ્કાર તેમજ મેન ઓફ સીરિજ તથા પ્રત્યેક મેચના મેન ઓફ ધ મેચને પણ ટ્રોફી એનાયત કરાશે. પાટનગરમાં સૌ પ્રથમવાર યોજાઈ રહેલ આ ટુર્નામેન્ટની તૈયારીઓ અંતિમ તબકકામાં છે. ફુટબોલ પ્રેમિઓ, નગરજનોને આ ટુર્નામેન્ટ નિહાળવા કાયઝેન ટ્રસ્ટ તરફથી જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
૧૯૨૦ લંડન
૧૨.૩૦, ૫.૧૫, ૭.૪૫
વન નાઈટ સ્ટેન્ડ (એ)
૩.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૩**
કૅપ્ટન અમેરિકા (૩ડી હિન્દી)
૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
કૅપ્ટન અમેરિકા (૩ડી અંગ્રેજી)
૧૦.૦૦, ૭.૦૦

**સ્ક્રીન-૪**
બાગી
૧૨.૪૫, ૩.૪૫,
૬.૪૫, ૯.૪૫

**સ્ક્રીન-૫**
ટ્રાફિક
૫.૧૫
વન નાઈટ સ્ટેન્ડ (એ)
૧૦.૦૦, ૧૨.૪૫, ૭.૩૦
૧૯૨૦ લંડન
૨.૪૫, ૧૦.૦૦

## સી.એ. એસોસીએશનના પ્રમુખ તરીકે સી.એ. રાજુ શાહ અને સેક્રેટરી તરીકે સી.એ. દિલીપ જોઘાણી બીનહરીફ ચૂંટાયા





અમદાવાદ, ૧૦

ચાટર્ડ એકાઉન્ટસ એસોસિએશન અમદાવાદની તા.૭-૫-૨૦૧૬ના રોજ મળેલ વાર્ષિક સામાન્ય સભામાં સી.એ. રાજુ શાહને બીનહરીફ પ્રમુખપદે ચુંટવામાં આવ્યા હતા. તથા સી.એ. દિલીપ જોઘાણીને માનદ મંત્રી તરીકે બીનહરીફ ચૂંટવામાં આવ્યા હતા. ઉપપ્રમુખ પદે સી.એ. કૃણાલ શાહ તથા સી.એ. સી.કે. રિકીન પટેલ માનદ્‌મંત્રી તરીકે બિનહરીફ ચૂંટાયા.

સી.એ. એસોસિએશનની કારોબારીના અન્ય સભ્યોમાં સી.એ. જયેશ શાહ, સી.એ. જીગ્નેશ શાહ, સી.એ. માલવ મહેતા, સી.એ. મિહીપ પુજારા, સી.એ. નલીન ઠક્કર, સી.એ. નવીન માંડોવરા, સી.એ. પ્રદિપ તુલશીયાન, સી.એ. લાહોટી, સી.એ. ઉમંગ શરાફ અને સી.એ. યમલ વ્યાસ, સી.એ. જયેશ પટેલ, સી.એ. મુકેશ ખાંડવાલા, સી.એ. વિકાસ જૈનનો સમાવેશ થયો છે.

## અમદાવાદમાં એએસીએની પચ્ચીસ વર્ષની ઉજવણીના ભાગરૂપે કોફી ટેબલ બુકનું વિમોચન

અમદાવાદ, તા.૧૦

અમદાવાદમાં એએસીએની પચ્ચીસ વર્ષની ઉજવણીના ભાગરૂપે ફેસ્ટીવલ ઓફ એડવર્ટાઈઝીંગની કોફી ટેબલ બુકનું વિમોચન કરવામાં આવ્યું હતું.



ફેસ્ટીવલ ઓફ એડવર્ટાઈઝીંગની કોફી ટેબલ બુકમાં એએસીએની પચ્ચીસ વર્ષની મજલ આલેખવામાં આવી છે. પુસ્તકમાં ભારતમાં ભવિષ્યના એડવર્ટાઈઝીંગ અંગે વિસ્તૃત આલેખન કરાયું છે. ફેસ્ટીવલ ઓફ એડવર્ટાઈઝીંગમાં શહેરમાં આડેધડ ટ્રાફિક અને શહેરના પ્રદૂષણ અંગે સામૂહિક ઝુંબેશ સહિત એએસીએ દ્વારા હાથ ધરાયેલી અન્ય પ્રવૃત્તિઓનો પણ ચિતાર આપવામાં આવ્યો છે.

આ પુસ્તકમાં ગ્રુપ દ્વારા ડિઝાઈન ઈન્સ્ટિટ્યુટસના વિદ્યાર્થીઓ માટે યોજાયેલ સર્જનાત્મક સ્પર્ધાના આયોજન અંગે પણ વિગત અપાઈ છે. સ્પર્ધાના ભાગ તરીકે વિદ્યાર્થીઓને અમદાવાદને ટુરિસ્ટ ડેસ્ટીનેશન તરીકે ઉપસાવવા માટે ક્રિએટિવ કોમ્યુનિકેશન તૈયાર કરવા કહેવામાં આવ્યું હતું. અમદાવાદ એસોસિએશન એડવર્ટાઈઝીંગ સર્કલ (એએસીએ)એ ગુજરાતની એડવર્ટાઈઝીંગ એજન્સીઓનું સૌથી મોટુ નેટવર્ક છે. એસોસિએશન દ્વારા તાજેતરમાં ઝી ન્યુઝના એડિટર શ્રી સુધિર ચૌધરી સાથે ટૉક-શોનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

## શ્રી સ્વામિનારાયણ મંદિર મણીનગરે સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનને ચંદનના શણગાર

ગાંધીનગર, તા. ૧૦

શ્રી સ્વામિનારાયણ મંદિર, મણીનગરમાં સર્વોપરી સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન, શ્રી હરીકૃષ્ણ મહારાજને પૂજનીય સંતોએ ચંદનના વાઘા-શણગાર ધરાવ્યા હતા. વૈશાખ મહિનાના શુકલ પક્ષની તૃતીયા તિથિને અક્ષય તૃતીયાનો તહેવાર તરીકે ઉજવવામાં આવે છે. કેટલાક સ્થાનો પર તેને અખાત્રીજ પણ કહેવામાં આવે છે. હિંદુ ધર્મમાં આ તિથિનું વિશેષ મહત્વ છે. કારણ કે આ વર્ષમાં આવતા ૪ વણજોયા મુહૂર્તમાંથી એક છે. આ તિથિના રોજ કરવામાં આવેલ દાન-ધર્મનો અક્ષય મતલબ નાશ થનારૂ ફળ અને પુણ્ય મળે છે. ભારતીય સંસ્કૃતિમાં પુરાણ અને શાસ્ત્રનું ઉમદા મહત્વ છે. ઉનાળાની ગરમીમાં ભગવાનને પહેરાવાતા ચંદનના વાઘા તેમને ઠંડક આપવા નહી, પણ ભગવાન તેમના સંતો-ભક્તોની મનોકામના પૂર્ણ કરવા ભગવાનના દિવ્ય તનુ-શરીર પર ધારણ કરે છે. શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા શ્રી હરીકૃષ્ણ મહારાજ આદિ ભગવાનને હીરાજડિત વસ્ત્રોના



શણગારની જગ્યાએ મીઠી સુગંધ પ્રસરાવતા શીતળ ચંદનના વાઘામાં દર્શનદાન કરતાં સંતો-ભક્તો દિવ્યાનંદની અનુભૂતિ કરે છે.

ભગવાનને ચંદન બહુ પ્રિય છે ચંદનમાં જેવી શીતળતા છે તેવી દુનિયાની કોઈ સાધન-સામગ્રીમાં રહેલી નથી. કહેવાય છે કે ઉકળતા તેલમાં સાચા ચંદનનું જો એક ટીપું પડી જાય તો તે તેલ શાંત થઈ જાય છે, પરંતુ એ ચંદન ઓછામાં ઓછું સો વર્ષ જૂનું હોવું જોઈએ ચંદનની બીજી પણ પવિત્રતા એ છે કે ભગવાનની પૂજા આપણે ફળ, હારમાળા, દાન-દક્ષિણા, વસ્ત્રદાન, અન્નદાન, અબીલ-ગુલાલ, કુંકુ, ચોખાથી કરી શકીએ છીએ, પણ તેમનું અર્ચન તો ચંદનથી જ થાય છે. ભગવાનની મૂર્તિ પર લગાવવા માટે લાકડું ઘસીને એકદમ પાતળો લેપ લગાવવામાં આવતો જે હવે ઘટ થઈ ગયો છે અને ચંદનના વાઘામાં પણ શોભા ચંદનના વાઘાને પણ શણગાર કરવામાં આવે છે. તે ભવ્ય રીતે શણગારવામાં આવે છે. સત્સંગી જીવનમાં પૂનમ સુધીનો બતાવ્યો છે. ત્રીજથી વૈશાખ સુદ-ચંદનના વાઘાનો સમયગાળો વૈશાખ સુદ, પણ હાલના સમયમાં ચંદનના વાઘાનાં દર્શન વૈશાખ સુદ અમાસ સુધી થાય છે - ત્રીજથી વૈશાખ વદ.

# આપણામાં છુપાઈ રહેલો 'પીપીંગ ટોમ' કદાચ આપણને મળી જાય

## કોઈનાં જીવનમાં ડોકિયા કરવાથી કે ખણખોદ કરવાથી વ્યક્તિને ધૃણા અને ધિકકાર સિવાય કશું જ નથી મળતું, આ પ્રકારની વ્યક્તિઓ પોતાનો સમય, શક્તિ ને ક્યારેક ધનનો પણ વ્યય કરતી હોય છે

ઘણા સમય પહેલા કોઈ એક સામાયિકમાં એક કાર્ટુન જોયેલું. બહુ રસપ્રદ હતું એ કાર્ટુન એટલે આજ સુધી યાદ છે. કાર્ટુન પાંચ ચિત્રોમાં વહેંચાયેલું હતું.

ચિત્ર નંબર એક : બગીચાનાં એક બાંકડા ઉપર બે વ્યક્તિઓ બેઠી છે. તેમના એકના હાથમાં છાપું છે ને બીજાના હાથમાં સામાયિક છે. બંને પોત-પોતાનું વાંચે છે.

ચિત્ર નંબર બે : છાપા વાળી વ્યકિત પોતાના હાથનુ છાપું હાથમા જ રાખીને બાજુવાળના સામાયિકમાં ડોકુ નાખી વાંચવાનો પ્રયત્ન કરે છે. સામયિકવાળી વાળી વ્યકિત આ હરકતથી પરેશાન થાય છે.

ચિત્ર નંબર ત્રણ : સામાયિક વાળી વ્યક્તિ પોતાનું સામાયિક છાપાવાળી વ્યક્તિને વાંચવા આપે છે અને છાપું પોતે લઈ લે છે.

ચિત્ર નંબર ચાર : આપ-લે થયા પછી ફરી પાછા બંને વાંચવામાં મશગુલ થઈ જાય છે.

ચિત્ર નંબર પાંચ : ફરી પાછું હવે જેના હાથમાં સામાયિક છે ( જેના હાથમાં પહેલા છાપું હતું અને ડોકીયા કરતી હતી ) તે વ્યક્તિ બાજુમાં બેઠેલી વ્યકિત કે જેના હાથમાં હવે છાપું છે ( જેના હાથમાં પહેલા સામાયિક હતું ) તેનામાં ડોકીયા કરે છે.


આ કાર્ટુન કોઈ એક પ્રખ્યાત કાર્ટુનિસ્ટનું દોરેલું હતું. નામ આજે યાદ નથી.

અંગ્રેજીમાં એક સુંદર શબ્દ છે, "પીપીંગ ટોમ" (Peeping Tom) આ શબ્દ નો કાયદાકીય અર્થ કંઈક આમ છે "કોઈપણ વ્યક્તિ, ખાસ કરીને પુરૂષ છુપાઈને દિવાલો કે બારી-બારણાંઓના કાણામાંથી કે બારીઓમાંથી છૂપી રીતે કોઈ સ્ત્રીને વસ્ત્રો બદલતી જુવે કે કોઈ યુગલ ને પ્રેમિક્રીડા કરતાં જુવે અને તેમાંથી પોતે કોઈપણ પ્રકારનો આનંદ માણે તેને પીપીંગ ટોમ કહે છે."

રાજકપૂરની ફિલ્મ મેરા નામ જોકરમાં બાળક ઋષી કપૂર અને અભિનેત્રી સિમ્મી ઉપર આ પ્રકારનું એક દ્રશ્ય સુંદર અને કાવ્યાત્મક રીતે ફિલ્માવાયું હતું.

" પીપીંગ ટોમ" નો વિસ્તૃત અને બહોળો અર્થ કરીએ તો એમ કહી શકાય કે કોઈના જીવનમાં ઝાંખવું, કોઈની અંગત બાબતો વિષે ખબર લેવી, કોઈના અંગત જીવનની ચર્ચાઓ કરવી, કોઈની અંગત અને ખાનગી વાતોને મેળવી, ખણખોદ કરીને તે વાતોને વિકૃત રીતે રજૂ કરીને આનંદ માણવાની વૃતિ.

પાડોશનાં ફલેટની ડોરબેલ વાગે ને તેમનું બારણું ખૂલે એ પહેલા આપણું બારણું ખૂલી જાય, એ જાણવા કે પાડોશમાં કોણ આવ્યું છે. આપણી આસપાસ કોઈ બે વ્યક્તિઓ ધીમા અવાજે વાતચીત



કરે ને તરત જ આપણાં કાન સવળા થાય. બાજુનાં ઘરમાં મોટેથી બોલાચાલી થાય ને આપણાં ઘરની બારીઓ ખૂલી જાય. ઘરની શેરીમાં પાંચ માણસો ટોળે વળે અને આપણે તરત જ ત્યાં દોડી જઈએ, એ જાણવા માટે કે તમાશો શેનો છે.

આ પ્રકારની ખૂજલી, આ પ્રકારની હૈયામાં લાગેલી લ્હાય, આ અધીરાઈ, આ પ્રકારનો અજંપો કે આ પ્રકારની વૃતિ એક પ્રકારની વિકૃતિ છે. એક માનસિક ભૂખ છે. ક્યારેય તૃપ્ત ના થાય એવી વાસના છે. આપણને જ્યાં અને જ્યારે તક મળે ત્યારે આ વાસનાનો કીડો સળવળે છે. અરે, તક ના મળે તો સતત આવી તક શોધતી હોય એવી વ્યક્તિઓ પણ આપણી આસપાસ જોવા મળે છે. આ પ્રકારની વૃતિ માનસિક રીતે વિકૃત આનંદ આપે છે. આ પ્રકારનો વિકૃત આનંદ મેળવનારી વ્યક્તિઓ આ પ્રકારનું વર્તન ક્યારેક જ નથી કરતી, પરંતુ તેઓની આ રોજિંદી ટેવ પડી ગઈ હોય છે. રોજ કે અઠવાડિયામાં બે-ત્રણ વખત કોઈનાં જીવનમાં ઝાંખે નહીં ત્યાં સુધી આ પ્રકારની વ્યક્તિઓને જંપ નથી વળતો, આ પ્રકારની વૃતિ એક વ્યસન છે જે છોડવું પણ મુશ્કેલ છે.

ઘણીવાર એક પ્રશ્ન થાય છે કે આ પ્રકારની વૃતિ ધરાવતા લોકોને કોઈનાં જીવનમાં ડોકિયા કરવાથી કે કોઈનાં જીવનમાં ખણખોદ કરવાથી શું મળતું હશે? આ પ્રકારના ઘણા લોકો સાથે વાતચીત કરી, ચર્ચા કરી, અલગ અલગ દ્રષ્ટિકોણથી વિચાર્યુંને અંતે એવા તારણ ઉપર આવ્યો છું કે "પીપીંગ ટોમ" જેવી વૃતિ કે વિકૃતિ ધરાવતી વ્યક્તિઓને વ્યક્તિગત રીતે કશો જ લાભ મળતો નથી, ઊલટાનું આ પ્રકારની વ્યક્તિઓને સરવાળે, લાંબા ગાળે નુકશાન જ થતું હોય છે.

કોઈનાં જીવનમાં ડોકિયા કરવાથી કે ખણખોદ કરવાથી વ્યક્તિને ધૃણા અને ધિકકાર સિવાય કશું જ નથી મળતું. આ પ્રકારની વ્યક્તિઓ પોતાનો સમય, શક્તિ ને ક્યારેક ધનનો પણ વ્યય કરતી હોય છે. બદલામાં તેઓને કોઈ જ પ્રકારનો લાભ નથી થતો. લાંબા સમયે આ પ્રકારની વ્યક્તિઓ, મિત્રો, સંબંધીઓ અને સ્નેહીઓમાં પોતાનું માન-સન્માન ગુમાવી દેતી હોય છે, અન્ય લોકોમાં ટીકાને પાત્ર બનતી હોય છે અને અંતે તેઓ આત્મ-સન્માનનાં પણ અધિકારી નથી રહેતા પરિણામે તેઓનું પોતાનું જીવન દોજખ જેવું બની જાય છે.

"પીપીંગ ટોમ" વૃતિ એ વ્યક્તિગત વિકૃતિ તો છે જ. સાથે સાથે સમાજની પણ એક વિકૃતિ છે. આ પ્રકારની વિકૃતિ ચેપી રોગ જેવી છે. એકની વૃતિ બીજાને ને બીજાની ત્રીજાને ચેપ લગાડે છે. આપણા સમાજમાં કેટલીયે એવી જાતીઓ, કોમ, પેટા- સમાજ કે સમૂહો છે જે પોતાની "આગવી" પીપીંગ ટોમ જેવી વૃતિ માટે નામચીન છે.

ચાલો, આપણે સૌ પ્રથમ આપણાં પોતાના જ "પીપીંગ ટોમ" બનીને આપણાં જ જીવનમાં ઝાંખીએ, ડોકિયું કરીયે, ખણખોદ કરીએ કદાચ આપણને આપણામાં છુપાઈ રહેલો "પીપીંગ ટોમ" મળી જાય. જો એ "પીપીંગ ટોમ" આપણામાં ખૂણે-ખાંચરે પણ છુપાઈને પડ્યો હોય તો તેને હાંકી કાઢવા પ્રયત્ન કરીયે. આમ કરવાથી આપણું તો ભલું થશે, સાથે સાથે સમાજનું પણ ભલું થસે.

ચાલો, આજથી જ શરૂઆત કરીએ...

**આવો જીવીએ શાનદાર**

વિનોદ અમલાણી
vmlani2000@yahoo.co.uk

## 'બુદ્ધા ઈન અ ટ્રાફિક જામ'ના ડાયરેક્ટર વિવેક અગ્નિહોત્રીએ અમદાવાદમાં ફિલ્મનું પ્રમોશન કર્યું

અમદાવાદ, તા.૧૦

જાણીતા ફિલ્મ ડાયરેક્ટર વિવેક અગ્નિહોત્રીની આગામી ફિલ્મ 'બુદ્ધા ઈન અ ટ્રાફિક જામ' એક ઓટોબાયોગ્રાફિકલ ફિલ્મ છે. આ ફિલ્મ વિવેકના પોતાના જીવનથી પ્રેરિત છે, જેમાં એક બિઝનેસ સ્કૂલમાં ભ્રષ્ટાચાર અને માઓવાદના મુદ્દાને સુંદર રીતે દર્શાવવામાં આવ્યો છે. ફિલ્મમાં અનુપમ ખેર, માહી ગિલ, આંચલ દ્વિવેદી, પલ્લવી જોશી, અરૂણોદય સિંહ અને વિવેક વાસવાણી મુખ્ય ભુમિકામાં છે. ફિલ્મનું મ્યુઝિક રોહિત શર્માએ આપ્યું છે. ૧૩મી મેના રોજ રિલિઝ થનારી આ ફિલ્મ પોલીટીકલ થ્રિલર છે, જેમાં સામાજિક અને રાજનૈતિક ડ્રામાને ખુબજ ગંભીરતા સાથે દર્શાવવામાં આવ્યું છે. ફિલ્મમાં એક મેનેજમેન્ટ સ્ટુડન્ટ વિક્રમ પંડિતની વાર્તા છે, જે નકસલની સામે અવાજ ઉઠાવે છે.




બુદ્ધા ઈન અ ટ્રાફિક જામ નકસલીઓ, એનજીઓ, શિક્ષણવિદો અને ભારતના કહેવાતા બુદ્ધિજીવીઓ વચ્ચેની સાંઠગાંઠને ખુલ્લું પાડે છે. ફિલ્મમાં દર્શાવાયું છે કે કેવી રીતે કેટલીક યુનિવર્સિટીઓ વિદ્યાર્થીઓનું બ્રેઈનવોશ કરીને તેમને બૌદ્ધિક આતંકવાદીઓ બનાવે છે. ફિલ્મમાં ભ્રષ્ટાચાર, કેમ્પસ પોલીટીક્સ, મોરલ પોલીસીંગ, ક્રોની સોસિયલિઝમ સહિતના અન્ય મહત્વપૂર્ણ મુદ્દાઓને પણ ફિલ્મની વાર્તા સાથે વણી લેવામાં આવ્યાં છે.

પોતાની આગામી ફિલ્મ બુદ્ધા ઈન અ ટ્રાફિક જામના પ્રમોશન માટે આજે ડાયરેક્ટર વિવેક અગ્નિહોત્રી અમદાવાદની મુલાકાતે આવ્યાં હતાં તથા સેટેલાઈટમાં હોટલ કોર્ટયાર્ડ મેરિયોટ્ટ ખાતે આયોજિત એક પ્રેસ કોન્ફરન્સમાં પત્રકારોને તેમણે સંબોધન કર્યું હતું. આ દરમિયાન તેમણે પોતાના જીવન આધારિત આ ફિલ્મના વિવિધ પાસાઓ તથા ફિલ્મ સાથે જોડાયેલા કેટલાંક વિવાદો અંગે મુક્તમને ચર્ચા કરી હતી.

આ ફિલ્મ માટે પલ્લવી જોષીને બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળ્યો હતો અને દાદા સાહેબ ફાળકે ફિલ્મ ફેસ્ટિવલમાં બેસ્ટ ફિલ્મ તરીકે બુદ્ધા ઈન અ ટ્રાફિક જામ નોમિનેટ પણ થઈ હતી. ત્યારબાદ એક ડઝનથી પણ વધુ ફિલ્મ ફેસ્ટિવલમાં તેને દર્શાવવામાં આવી છે.